# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 13-07-2025 Day: Sunday Morning : 6.50 to 6.55 am**

આકાશવાણી ભુજ સમાચાર **કૃપાલી મહિચ્છા** વાંચે છે.

---

## પ્રધાનમંત્રી રોજગાર મેળો:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે, રોજગાર મેળો યુવાનોને સશક્ત બનાવવા અને વિકસિત ભારતના નિર્માણમાં તેમને ઉત્પ્રેરક બનાવવાની સરકારની પ્રતિબદ્ધતાને દર્શાવે છે. તેમણે કહ્યું કે આજે વિશ્વ સ્વીકારે છે કે ભારત પાસે બે અમર્યાદિત શક્તિઓ છે, એક વસ્તી વિષયક અને બીજી લોકશાહી. પ્રધાનમંત્રીએ ગઈકાલે વીડિયો કોન્ફરન્સ દ્વારા વિવિધ સરકારી વિભાગોમાં નવનિયુક્ત યુવાનોને 51 હજારથી વધુ નિમણૂક પત્રોનું વિતરણ કર્યા પછી 16મા રોજગાર મેળામાં બોલી રહ્યા હતા.

નવ નિયુક્ત યુવાનોને અભિનંદન આપતા શ્રી મોદીએ કહ્યું કે સરકારની રોજગાર મેળાની પહેલથી લાખો યુવાનોએ કેન્દ્ર સરકારમાં કાયમી નોકરીઓ મેળવી લીધી છે.

--------------------------------------------------------------------------------

## મત્સ્ય ઉત્પદાન:

સમગ્ર દેશમાં સૌથી લાંબો દરિયાકાંઠો ધરાવતું ગુજરાત મત્સ્ય ઉત્પદાન ક્ષેત્રે સમગ્ર દેશમાં મોખરે છે. 350 કિ.મી.થી લાંબો દરિયાકાંઠો ધરાવતાં કચ્છમાં આ વર્ષે માછલીનું વિક્રમી એવું 50,000 મેટ્રિક ટન જેટલું ઉત્પાદન થયું છે. વર્ષ 2023-24ના નાણાકીય વર્ષમાં કચ્છમાં દરિયાઈ માછલીનો 35492 મેટ્રિક ટન ઉત્પાદન થયું હતું.

ગુજરાતના સૌથી મોટા મત્સ્યોદ્યોગ બંદર તરીકે ઊભરી આવેલાં જખૌમાં આ વર્ષે મત્સ્ય ઉત્પાદન નોંધપાત્ર રીતે વધવા સાથે વાર્ષિક ટર્નઓવર ગત વર્ષની તુલનાએ અઢીગણું વધી 4000 કરોડના આંકને પાર થયું છે. ગયા વર્ષે આ બંદરેથી 28,000 મેટ્રિક ટન માછલીનું

ઉત્પાદન થયું  હતું, જે આ વર્ષે વધીને 40,000 મે. ટનના આંકે પહોંચ્યું હતું. એટલે કે, કચ્છમાં માછલીનું કુલ ઉત્પાદન થયું તેમાં 90 ટકા પ્રદાન જખૌનું છે તેવું જખૌ માછીમારી બોટ એસો.ના પ્રમુખ અબ્દુલ્લા શા પીરજાદાએ જણાવ્યું હતું

ઉલ્લેખનીય છે કે, કચ્છમાં જખૌ ઉપરાંત કુકડસર, નવીનાળ, ઝરપરા, ત્રગડી, મોઢવા, માંડવી, નાના લાયજા, નારાયણ સરોવર સહિતમાં માછીમારી પ્રવૃત્તિનો ધમધમાટ જોવા મળે છે.  જિલ્લામાં 1600થી વધુ  યાંત્રિક હોડી નોંધાયેલી છે.

---------------------------------------------------------------------------------------------------

## નિમણુંકપત્રો :

ગઈકાલે રાજ્યમાં અનેક જિલ્લામાં મંત્રીઓ રોજગાર મેળામાં જોડાયા હતા. કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયાએ અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ રાષ્ટ્રીય સ્મારક ખાતે આયોજીત રોજગાર મેળા દરમિયાન નિમણુંક પત્રોનું વિતરણ કર્યું. આ પ્રસંગે શ્રી માંડવિયાએ સંબોધન કર્યું હતું.

કેન્દ્રીય મંત્રી સી.આર.પાટીલ વડોદરામાં રોજગાર મેળામાં ઉપસ્થિત રહ્યા, જયારે કેન્દ્રીય રાજ્યમંત્રી નિમુબેન બાંભણીયાએ રાજકોટમાં આયોજીત રોજગાર મેળામાં  કહ્યુ, આજે યુવાનો રેલવે,ટપાલ સેવાઓ અને બેંક જેવા મહત્વપુર્ણ વિભાગોમાં સેવા આપવાની તક મળી છે. તેઓ નવા ભારતની ઓળખ દર્શાવે છે.

---------------------------------------------------------------------------------------------------

## આંગણવાડી:

જિલ્લામાં સંકલિત બાળ વિકાસ યોજના અંતર્ગત વિવિધ ગામોમાં  નવનિર્મિત 15 આંગણવાડી કેન્દ્રનું લોકાર્પણ કરાયું હતું. જિલ્લા પ્રોગ્રામ ઓફિસરનાં માર્ગદર્શન હેઠળ અંજાર તાલુકામાં ખેડોઈ, કોટડા, નવાગામ, ટપ્પર તથા  અબડાસા તાલુકામાં બેરા, કોઠારા, વિંઝાણ, મોથાળા, કરોડિયા, ઐડા ખાતે આંગણવાડીનું લોકાર્પણ કરાયું હતું. આંગણવાડી કેન્દ્રો બાળકોના સર્વાંગી વિકાસ માટેનું મજબૂત પાયાનું કેન્દ્ર છે તથા સંકલિત બાળ વિકાસ યોજના અંતર્ગત

બાળકો, સગર્ભા તથા ધાત્રી માતાઓ માટે વિવિધ યોજનાનું અમલીકરણ આંગણવાડી કેન્દ્રો મારફતે કરાઈ રહ્યું છે, ત્યારે સગવડભર્યું આંગણવાડી કેન્દ્ર નજીક જ મળતાં ગ્રામજનો, માતાઓ તથા બાળકોમાં ઉત્સાહ જોવા મળ્યો હતો. આ પ્રસંગે ઘટકના સીડીપીઓ સંબંધિત ગામના સરપંચો, અગ્રણીઓ, આઈસીડીએસ સ્ટાફ તથા ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

---

## લોકઅદાલ:

ગઈકાલ જિલ્લાની તમામ અદાલતોમાં રાષ્ટ્રીય લોકઅદાલત સફળતા પૂર્વક યોજવામાં આવી હતી, જેમાં કુલ 6490 પ્રિ-લીટિગેશન કેસો, સમાધાન લાયક કુલ 1156 કેસ અને સ્પેશિયલ મેજિસ્ટ્રીયલ સાટિંગમાં કુલ 5093 કેસ એમ કુલ 12739નો નિકાલ કરવામાં આવ્યો હતો.

ગુજરાત હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ અને ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળ, અમદાવાદના મુખ્ય સંરક્ષકનાં માર્ગદર્શન હેઠળ મુખ્ય જિલ્લા ન્યાયાધીશની રાહબરી હેઠળ કચ્છના તમામ તાલુકાઓમાં તથા ફેમીલી કોર્ટમાં રાષ્ટ્રીય લોકઅદાલત સફળતા પૂર્વક યોજવામાં આવી હતી. સમગ્ર કચ્છ જિલ્લામાં કુલ 146 કેસનું સમાધાન-નિકાલ થયો હોવાનું યાદીમાં જણાવાયું છે.

---